# ધાનેરામાં કોરોનાના બે કેસ, તંત્ર દોડતું થયું

## એક દર્દીનું મોત નિપજતા અરેરાટી મચી જવા પામી છે : કોરોના પોઝેટીવની સાથે સાથે મૃત્યુ પામેલ દર્દીને અન્ય બીમારી પણ હતી

ધાનેરા, તા. ૭

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં પણ બે કેસ કોરોના પોઝેટીવ આવતા તંત્રમાં દોડધામ થવા પામી છે અને જે વિસ્તારમાંથી કેસ પોઝેટીવ સામે આવ્યો છે જેમાં એક કેસ ધાનેરા શહેરી વિસ્તારનો છે તો બીજો કેસ ધાનેરાના ગરમાઈન વિસ્તારનો છે ત્યારે તંત્ર ધ્વારા શહેરી અને ગ્રામીણ વિસ્તાર કે જ્યાંથી પોઝેટીવ કેસ સામે આવ્યા છે તે તમામ વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે અને તે વિસ્તારને જોડતા તમામ રસ્તાઓ બ્લોક કરી દેવામાં આવ્યા છે અને દરેક પોઈન્ટ ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે અને કન્ટેઈન કરેલ વિસ્તારમાં લોકોની અવર જવર ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. આજે ધાનેરાના શહેરી વિસ્તારમાંથી જે દર્દીનો રિપોર્ટ પોઝેટીવ આવ્યો હતો તે દરદીનું મોટ નિપજતા ચકચાર મચી જવા પામી છે ત્યારે સૂત્રો ધ્વારા મળતી માહિતી અનુસાર આ દર્દી કોરોના પોઝેટીવની સાથે સાથે કમલાની બીમારીથી પણ પીડાતો હતો અને તેનું સારવાર દરમ્યાન પાલનપુરની કોવિદ હોસ્પિટલમાં મોત નીપજ્યું છે.

# અરવલ્લી-મેઘરજ ગામના પાંચ કિ.મી વિસ્તારને બફરઝોન જાહેર કરાયો

## કન્ટેઇનમેન્ટ ઝોનના મેઘરજ ગામના લોકોની અવરજવર ઉપર ૧૯ મે સુધી પ્રતિબંધ

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ કોવિંડ-૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ કોવિંડ-૧૯ ના કુલ-૧૪૦૦૦ થી વધારે કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ કોવિંડ-૧૯ ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ કોવિંડ-૧૯ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂપ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ કેસ મેઘરજ તાલુકાના મેઘરજ ગામનો નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-



૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એક્ટ,૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે કોવિંડ-૧૯ નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં કોવિંડ-૧૯ નો કેસ મળી આવતા મેઘરજ તાલુકાના મેઘરજ ગામના ૫ કિ.મી ત્રિજયામાં આવેલ વિસ્તારને બફરઝોન વિસ્તાર કોવિંડ-૧૯ Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ (તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે.

આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા. ૧૯ મે ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ ગુજરાત એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# જુના ડીસામાં આજથી ત્રણ દિવસ સુધી તાળાબંધી

## માત્ર દવા અને દૂધની દુકાનો ખુલ્લી રહેશે

ડીસા

લાંબાલચક લોકડાઉનના ત્રીજા તબક્કાના અંતિમ ચરણમાં ડીસા સહિત જિલ્લામાં કોરોનાનો વિસ્ફોટ થવા પામ્યો છે તેથી તકેદારીના ભાગરૂપે તાલુકા આરોગ્ય અધિકારી સાથેની બેઠકમાં સરપંચ સહિત સદસ્યો અને ગામલોકોએ ગામ આજથી ત્રણ દિવસ સુધી જડબેસલાક બંધ રાખવાનો નિર્ણય લીધો છે.

ડીસામાં બહારથી આવેલા લોકોના કારણે કોરોનાના કેશ વધતા જાય છે ત્યારે આ મહામારી મોટા ગામોમાં ન ફેલાય તે હેતુથી તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. જીગ્નેશ હરીયાણી ગઈકાલે ગુરુવારે જુનાડીસા દોડી આવ્યા હતા અને સરપંચ સહિત ગામલોકો સાથે બેઠક યોજી કોરોનાના સંક્રમણને ટાળવા ચર્ચા- વિચારણા કરી હતી જેમાં ગામમાં બહારથી આવેલા લોકોને ફરજીયાત સરકારી કોરોન્ટાઈન કરવા સાથે તકેદારીના ભાગરૂપે આજે શુક્રવારથી સતત ત્રણ દિવસ માત્ર દૂધ ને દવાની દુકાનોને બાદ કરતાં તમામ દુકાનો બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. જેની ગામમાં રીક્ષા ફેરવી લાઉડ સ્પીકર દ્વારા ગામલોકોને તથા લેખિતમાં ના. કલેકટરને પણ જાણ કરવામાં આવી હતી.

આ બેઠકમાં સરપંચ બબાભાઈ દેસાઈ, ડે. સરપંચ ફારુકભાઈ દાણી, દિલીપભાઈ બ્રહ્મભટ્ટ, પંચાયત સદસ્ય જીવણભાઈ છત્રાલિયા, તલાટી પટેલ સહિત ગામલોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### ડીસામાં વધુ ૪ કેસ પોઝીટીવ

ડીસા તાલુકામાં બે દિવસ દરમિયાન બહારથી આવેલા છ જેટલા લોકોને કોરોના પોઝીટિવ આવ્યા બાદ ગુરુવારે અમદાવાદથી આવેલા વધુ ચાર લોકોને કોરોના પોઝીટિવ આવતા ડીસા તાલુકામાં કોરોના પોઝીટિવ કેસની સંખ્યા બેકી આંકડાએ પહોંચી જવા પામી છે. જેમાં ભવાની જબરરામ ગેલોત, ઉંમર ૧૭ વર્ષ, આશિષ રમેશભાઈ શાહ, ઉંમર ૩૫ વર્ષ, રમીલાબેન રમેશભાઈ શાહ ઉંમર ૬૨ વર્ષ, એકતાબેન અમિતભાઈ શાહ, ઉંમર ૪૦ વર્ષને કોરોના પોઝિટિવ આવ્યો છે. અગાઉના છ કેસ મળી ડીસા તાલુકામાં કોરોના પોઝીટિવની સંખ્યા દસ થવા પામી છે.

# ...અન્ય રાજ્યોમાંથી લોકો ધાનેરામાં આવતા ચિંતા

ધાનેરા, તા. ૭

બનાસકાંઠા જિલ્લામાં જયારથી બહારના લોકો આવવાના શરૂ થયા છે ત્યારથી જ સતત કેસોમાં વધારો થઈ રહ્યા છે. વાત કરવામાં આવે બનાસકાંઠાના સરહદી વિસ્તાર ધાનેરાની તો ધાનેરા શહેરમાં બહારના લોકો સતત આવી રહ્યા છે અત્યાર સુધી ધાનેરા તાલુકામાં ૧૧૭૦૦ વધુ લોકો પ્રવેશી ચૂક્યા છે.

આરોગ્યની ટીમો દ્વારા આ તમામ લોકોને ચેકઅપ કરવામાં આવ્યા છે અને હોમ કોરન્ટાઇન પણ કરવામાં આવ્યા છે તે ઉપરાંત આરોગ્ય વિભાગે બહારથી જે લોકો આવી રહ્યા છે તે લોકોની જાણકારી આપવા માટે પણ સ્થાનિક લોકોને અપીલ કરી છે. છેલ્લા ત્રણ દિવસથી ધાનેરા શહેરમાં ગાડીઓ ભરાઈને લોકો બહારથી આવી રહ્યા છે. ધાનેરા શહેરમાં નગરપાલિકા દ્વારા બહારથી આવતા લોકોની નોંધણી કરવામાં આવી રહી છે અને આરોગ્ય વિભાગ દ્વારા તે લોકોનુ પણ ચેકઅપ કરવામાં આવી રહ્યું છે. ધાનેરા તાલુકાના ડુંગડોલ ગામે જે અમદાવાદથી આવેલા હતા તેમનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો, તે ઉપરાંત ધાનેરા શહેરમાં આવેલ ૨૦ વર્ષીય યુવકનો પણ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને આજે તે યુવકનું પાલનપુર સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. ધાનેરા શહેરમાં બહારથી લોકો આવતા શહેરવાસીઓમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.



# ભિલોડાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના વાઈરસનો પગ પેસારો

## ભિલોડા ગ્રામ પંચાયત કચેરી અને વેપારી એસોશિએશન ધ્વારા બજારોમાં ચાર દિવસ સુધી દુકાનો સદંતર બંધ કરાઈ

ભિલોડા,તા.૭

ભારત દેશ સહિત ગુજરાત રાજ્યમાં દિન-પ્રતિ-દિન કોરોના વાઈરસનું સંક્રમણ વધતા લૉકડાઉન પાર્ટ - ૩ હોવા છતાં એકાએક કોરોના વાઈરસના કેસો વધતા અત્ર-તત્ર-સર્વત્ર ચિંતાનું મોઝુ ફરી વળ્યું છે.અરવલ્લી જીલ્લામાં ગત રોજ એક સાથે સમી સાંજે કોરોના વાઈરસના ૨૫ કેસો આવતા ખડભડાટ મચી જવા પામ્યો હતો.અરવલ્લી જીલ્લો હાલના તબક્કે વહીવટી તંત્ર ધ્વારા રેડ ઝોન જાહેર કરાયો છે.ભિલોડા તાલુકામાં ગત રોજ સમી સાંજે કોરોના વાઈરસના ૧૦ કેસો આવતા વેપારીઓ અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

ભિલોડા તાલુકાના આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના વાઈરસનો બિલ્લી પગે પગ પેસારો વધતા ભિલોડા ગ્રામ પંચાયત કચેરી અને વેપારી એસોશિએશન ધ્વારા આજથી બજારોમાં દુકાનો સદંતર બંધ કરાઈ છે.ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ,તલાટી કમ મંત્રી,ગ્રામ પંચાયત સભ્યો,રાજકીય,સામાજીક આગેવાનો,વેપારીઓ ધ્વારા જન હિતમાં જારી સમજી બજારો તા.૭/૫/૨૦૨૦ ને ગુરૂવાર થી તા.૧૦/૫/૨૦૨૦ ને રવિવાર સુધી સંપુર્ણ લૉકડાઉન સ્વયંમ રીતે સ્વયંભુ દુકાનો વેપારીઓએ બંધ રાખવા જણાવ્યું હતું.જ્યાં સુધી સુચના ન મળે ત્યાં સુધી કોઈ પણ વેપારીએ દુકાનો ખોલવી નહી ? જેની દરેકે ખાસ નોંધ લેવી આવશ્યક છે.

દુધ ડેરી સવારે ૫:૦૦ થી ૯:૦૦ વાગ્યા સુધી,મેડીકલ સવારે ૭:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી શરૂ રાખવા લેખિતમાં જણાવ્યું હતું.ભિલોડા ગ્રામ પંચાયત કચેરી ધ્વારા અપાયેલ સુચના મુજબ જાહેર અપીલનો ભંગ કરનારને વેપારીને રૂા.૨૧૦૦/- નો દંડ,પોલીસ ફરીયાદ નોંધાવામાં આવશે તેની દરેકે નોંધ લેવા અનુરોધ કર્યો હતો.

કોરોના વાઈરસની મહામારી અને સંકટ સમયે જાગૃત પ્રજાજનો અને વેપારીઓએ સાથ-સહકાર આપવા ભિલોડા ગ્રામ પંચાયત ધ્વારા જાહેર અપીલ કરાઈ છે.અત્રે ઉલ્લેખનીય છે કે જ્યાં સુધી કોઈ સુચના ન મળે ત્યાં સુધી દુકાનો વેપારીઓએ સ્વયંભુ સદંતર બંધ રાખવી જન હિતમાં આવશ્યક છે.આપણી સલામતી આપણે સ્વયંભુ રાખીશું,ઘરમાં રહીએ,સલામત રહીએ,સુરક્ષીત રહીએ,લૉકડાઉન પાર્ટ - ૩ નું સંપુર્ણપણે માનવતાની દ્રષ્ટીએ પાલન કરવું અત્યંત આવશ્યક છે.વહીવટી તંત્રના અધિકારીઓને સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં ૪૭ કેસ કોરોનાના મળી આવતાં તંત્રએ કડક અમલ

જીલ્લામાં એકા એક કોરોનાના કેશમાં વધારો થતાં વહીવટી તંત્ર હરત માં આવી ગયુ છે પોલીસ લોકડાઉન ચુસ્ત પણે અમલ થાય તેવી કાર્યવાહી શરૂકરી દીધી છે મોડાસા માં કોરોના માંએક વ્યકતી ના મોત બાદ રોગ નો ફેલાય નથાય તે માટે લધુમતી વિસ્તાર માં કસ્બા ના કેટલાક ફળીયા બફર જોન લેવામાં આવ્યા છે ત્યાર બાદ મધુફળી, નુરેમહમદી, સો. સા. જમાલવાવ, ઘાચીઆરોગ્ય મંડળ સહીતના વિસ્તારોને કોલીડ ૧૯ જાહેર કરાયો છે લઘુમતી વિસ્તારમાં પતરા શેડ મારવાની કામગીરી શરૂ કરાઈ.

# બનાસકાંઠાના વધુ ત્રણ દર્દીઓ કોરોના સામે જીત્યા જંગ

ડીસા

કોરોના મહામારી માટે રેડ ઝોનમાં રહેલ બનાસકાંઠાના પ્રથમ હોટસ્પોટ ગઠામણ ગામના તમામ કોરોના પોઝિટીવ દર્દીઓની સારવાર બનાસ મેડિકલ કોલેજ કોવિડ ૧૯ હોસ્પિટલમાં અપાઈ રહી છે. ગઠામણ ગામનો પહેલો કેસ તા. ૧૩/૦૪/૨૦૨૦ના રોજ નોંધાયેલ તે અને તેનાથી સંક્રમિત થયેલા ગઠામણ ગામના જ બીજા બે દર્દીઓ એમ કુલ ત્રણ દર્દીઓને અસરકારક સારવાર મળવાથી તેઓ સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયા છે. તેમના રીપોર્ટ સતત બે વખત નેગેટિવ આવતા તેઓને બનાસ મેડિકલ કોલેજ કોવિડ હોસ્પિટલમાંથી તા.૦૭/૦૫/૨૦૨૦ના રોજ બપોર પછી રજા આપવામાં આવી છે. આ પહેલા કુલ ૨૨ દર્દીઓ કોરોના સામેનો જંગ જીતીને જિલ્લાની આ એક માત્ર કોવિડ પોઝિટીવ કેસ માટે સેવા આપતી હોસ્પિટલમાંથી ઘરે પરત ફરી ચૂક્યા છે. સારવાર લઈ સંપૂર્ણ સ્વસ્થ થઈ ઘરે પરત ફરતા દર્દીઓએ બનાસ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલની પૂરી ટીમનો આભાર વ્યકત કર્યો હતો. દર્દીઓએ પોતાના અનુભવો વર્ણવતા કહ્યું કે બનાસ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં કોરોના દર્દીઓ માટે ખૂબ સરસ વ્યવસ્થા કરેલ છે. દર્દીની તમામ જરૂરિયાત પૂરી કરવામાં આવે છે. કોઈપણ જાતની મુશ્કેલી પડતી નથી. બનાસ મેડિકલ કોલેજ ખાતે કોરોનાની સારવાર આપનાર પૂરી ટીમ આત્મીયાથી તમામ દર્દીઓની સારવાર કરે છે. બનાસ મેડિકલ કોલેજની પૂરી ટીમે તાળીઓના ગડગડાટથી અભિવાદન કરી આ દર્દીઓને શુભેચ્છાઓ પાઠવી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.




# અરવલ્લીમાં મેગા સર્વેલન્સની કામગીરી હાથ ધરાઈ

અરવલ્લી જિલ્લામાં બુધવારના રોજ કોરોના પોઝિટિવના એક સાથે ૨૫ કેસ નોંધાતા અરવલ્લી જિલ્લા આરોગ્ય અને વહિવટીતંત્રતં દ્વારા આ વિસ્તારને કન્ટેનટમેનટ ઝોન જાહેર કરી, આસ પાસના વિસ્તારમાં આવતા લોકો અવર-જવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

અરવલ્લીમાં એક જ દિવસમાં મોટી સંખ્યામાં કેસ નોંધાતા આરોગ્ય વિભાગ દ્વારા મેઘા સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. જેમાં મોડાસાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ૭૭ ટીમો દ્વારા ૪,૫૦૪ ઘરના ૨૩,૨૬૯ લોકોને આવરી લેવામાં આવશે. જયારે ભિલોડા



તાલુકામાં આરોગ્યની ૩૯ ટીમો ૨૧૬૨ ઘરના ૧૨,૧૮૮ લોકોને સરવે હેઠળ આવરી લેવાશે. તો મેઘરજમાં ૧૭ ટીમો ૨૭૮૮ ઘરના ૧૪,૪૩૮ લોકોને આરોગ્ય સરવેની કામગીરી સઘન બનાવશે.

# સાબરકાંઠાનાં તંત્રમાં સંકલનના અભાવે પ્રજા પરેશાન

## જાહેરનામામાં અપાયેલી છુટછાટ બાદ પણ પોલીસ પ્રજાને રંજાડે છે : ગામડાઓમાંથી આવતા લોકોના વાહનો ડીટેઇન કરી દેવાયા

સાબરકાંઠા જિલ્લામાં લોકડાઉનના ત્રીજા તબક્કામાં વહીવટી તંત્ર દ્વારા અપાયેલી કેટલીક છુટછાટોને લઈને બજારો ધમધમતા થયા છે ત્યારે વહીવટી તંત્ર અને પોલીસ તંત્રમાં સંકલનના અભાવે પ્રજા તોબા પોકારી ગઈ છે અને જિલ્લાના વિવિધ સ્થળે અપાયેલી છુટછાટ દરમિયાન ગામડાઓમાંથી ખરીદી કરવા આવતા લોકોના વાહનો પોલીસ તંત્ર દ્વારા ડીટેઈન કરીને વાહન ચાલકોને લુંટવાનો ઈજારો મેળવી લીધો છે. જેને લઈને પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે. જેથી કલેકટરે પોલીસ તંત્રને સુચના આપીને પ્રજાની હાડમારીમાં ઘટાડો કરવો જોઈએ.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણને વધતુ રોકવા માટે કલેકટરે જાહેરનામુ બહાર પાડીને કેટલાક પ્રતિબંધો મુક્યા છે ત્યારે ત્રીજા તબક્કામાં કેટલીક છુટછાટો અપાતા હિંમતનગર સહિત જિલ્લાના વિવિધ સ્થળે અસંતઃ રીતે બજારો ખુલ્યા છે. જેના લીધે સવારે ૭ થી સાંજે ૭ વાગ્યા સુધી લોકોને માસ્ક તથા સેનેટાઈઝરના ઉપયોગ સાથે બજારોમાં ખરીદી કરવાની છુટ આપી છે. જેથી ગામડાઓમાંથી લોકો જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે બજારોમાં આવી રહ્યા છે.

દરમિયાન પોલીસ તંત્ર દ્વારા હિંમતનગરમાં વિવિધ સ્થળે ઉભા રખાયેલા પોલીસ તંત્ર અને તેના અધિકારીઓ મારફતે વિના વાંચે ગામડાઓમાંથી આવતા વાહન ચાલકોને રોકીને તેમના વાહનો ડીટેઈન કરાઈ રહ્યા છે અને આ સઘડી કામગીરીને પોલીસ તંત્ર દ્વારા જાહેરનામાના ભંગના ગુના નોંધીને સરકાર સમક્ષ પોતાની વાહવાહ કરાવવાના હિન પ્રયાસો કરાઈ રહ્યા છે. જે જિલ્લાની પ્રજા માટે સોભનીય નથી. જેથી વાહન ચાલકોમાં પોલીસ તંત્રની આ કામગીરીથી અસંતોષ ઉભો થયો છે.

ખરેખરતો પોલીસ તંત્રએ શહેરના વિવિધ સ્થળે ઉભા કરેલા પોઈન્ટો પર હોમગાર્ડ, ટીઆરબી જવાનો, કોન્સ્ટેબલો તથા પીએસઆઈને માથે જવાબદારી થોપીને જે કામ ગરમીમાં લેવાઈ રહ્યુ છે તેના લીધે આ નાના કર્મચારીઓ પણ ઉચ્ચ અધિકારીઓ સમક્ષ અંદરખાને રોષ વ્યકત કરી રહ્યા છે. પરંતુ બિચારા આ નાના કર્મચારીઓની રોજગારી છીનવાઈ ન જાય તે માટે તેઓ ચુપચાપ બધુ સહન કરે છે.

ખુદ જિલ્લા પોલીસવડા પણ સવારે અને સાંજના સુમારે તથા કયારેક રાત્રે પોતાનો રોપ જમાવવા માટે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે સરપ્રાઈઝ ચેકીંગના નામે જે મુલાકત લે છે તેના કારણે નાના કર્મચારીઓમાં પણ અસંતોષ વ્યાપી રહ્યો છે. નાના કર્મચારીઓના કહેવા મુજબ જો જિલ્લાના ઉચ્ચ અધિકારી આવી નિતી અપનાવીને નાના કર્મચારીઓને માનસિક દબાણમાં રાખીને કામગીરી કરાવશે તો આગામી દિવસોમાં કોરોના વાયરસ કરતા પણ વધુ ભયંકર ગણાતી પોલીસ ઉચ્ચ અધિકારીઓની આ જોહુકમી સામે પ્રજા અવાજ ઉઠાવીને લોકડાઉનમાં પણ આંદોલન કરે તો નવાઈ નહી. ઉલ્લેખનીય છે કે પોલીસ તંત્રએ અત્યાર સુધીમાં જાહેરનામાના ભંગના ચાર હજારથી વધુ જે ગુના નોંધ્યા છે અને વાહનચાલકો પાસેથી દંડ વસુલવામાં આવ્યો છે એ ખરેખર તપાસ કરવામાં આવે તો અને વાહન ચાલકોના નિવેદન લેવામાં આવે તો પોલીસ અધિકારીઓની આ જોહુકમીથી પ્રજા કેટલી નારાજ છે તે જાણી શકાશે.

તંત્ર દ્વારા હિંમતનગરમાં પ્રજાની સલામતી માટે સાંજે ૭ થી સવારે ૭ વાગ્યા સુધી કરફ્યુનો કડક અમલ કરાવાઈ રહ્યો છે તે આવકાર્ય છે. પરંતુ જાહેરનામામાં જે વ્યકિતઓને છુટછાટ અપાઈ છે એવા ફરજનિષ્ઠ લોકોનો જાહેરમાં અપમાન કરાય તે વ્યાજબી નથી. જે અંગે જિલ્લા કલેકટરે પોલીસવડાનુ ધ્યાન દોરીને જાહેરનામાનુ મનગડત અર્થગટન ન કરીને પ્રજાને હેરાન કરવાનુ બંધ કરવામાં આવે એ ખુબજ જરૂરી છે. નહીં તો લોકો પોલીસ મહાનિર્દેશક સમક્ષ રજૂઆતો કરવાનુ વિચારી રહ્યા છે.